| **ક્રિમીનલ કેસ નં. ૧૦૦૬૯/૨૦૨૩** | |
|---|---|
| આંક | |
| દાખલ થયા તા. | ૦૧.૦૨.૨૦૨૩ |
| રજુ કર્યા તા. | ૦૧.૦૨.૨૦૨૩ |
| ફેંસલ કર્યા તા. | ૩૦.૦૬.૨૦૨૬ |
| સમય મર્યાદા | ૦૩ વર્ષ, ૦૪ માસ, ૨૯ દિવસ |

**૫ માં એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ(અમદાવાદ શહેર) સાહેબની કોર્ટ સમક્ષ.**

**ફરીયાદી :–**

શ્રી સરકાર

**વિરૂધ્ધ**

**આરોપી :–**

દિલીપ ઉર્ફે ટકલો જીતેન્દ્રભાઇ સોનકર, ઉ.વ.૩૬,
રહે. મ. નં.૩૪/૧, ભવાની ચોક, ઠકકરનગર,
કૃષ્ણનગર, અમદાવાદ.

| **ક્રિમીનલ કેસ નં.૫૯૩૨૩/૨૦૨૪ (પુરવણી ચાર્જશીટ)** | |
|---|---|
| આંક | |
| દાખલ થયા તા. | ૨૦.૦૫.૨૦૨૪ |
| રજુ કર્યા તા. | ૨૦.૦૫.૨૦૨૪ |
| ફેંસલ કર્યા તા. | ૩૦.૦૬.૨૦૨૬ |
| સમય મર્યાદા | ૦૨ વર્ષ, ૦૧ માસ, ૧૦ દિવસ |

**ફરીયાદી :–**

શ્રી સરકાર

**વિરૂધ્ધ**

**આરોપી :–**

**૧.** કમલેશ ઉર્ફે કાલુ દેવીદાસ કડબે, ઉ.વ.૩૫,
રહે. વસંતનગરના છાપરા, ઠકકરબાપા નગર,
અમદાવાદ.

**તહોમત :– ધી પ્રોહીબીશન એકટની કલમ–૬૬(૧)(બી), ૬૫(એ)(ઇ), ૧૧૬(બી), ૮૧ મુજબ.**

==========================================

**સરકાર તરફે : વિધ્વાન મદદનીશ સરકારી વકીલશ્રી**

**આરોપી તરફે : વિ. વ. શ્રી આર. આર. વાઘેલા**

==========================================

**–//જજમેન્ટ//–**

૧. ફરીયાદપક્ષ દ્વારા કૃષ્ણનગર પોલીસ સ્ટેશન પાર્ટ સી ગુ. ર. નં. ૧૧૧૯૧૦૧૩૨૨૦૮૩૭/૨૦૨૨ ની તપાસ ના અંતે આરોપી વિરૂધ્ધ ધી પ્રોહીબીશન એકટની કલમ–૬૬(૧)(બી), ૬૫(એ)(ઇ), ૧૧૬(બી), ૮૧ મુજબ શિક્ષાપાત્ર ગુના સબબ નું ચાર્જશીટ કરેલ છે. જે ક્રિમીનલ કેસ નં.૧૦૦૬૯/૨૦૨૩ થી નોંધવા માં આવેલ છે. આ કામે અન્ય આરોપી પાછળથી પકડાતા પુરવણી ચાર્જશીટ કરવામાં આવેલ છે જે કેસ નં.૫૯૩૨૩/૨૦૨૪ થી દાખલ થયેલ છે. સદર બન્ને કેસો એક ગુના નંબરના જ હોય તેમજ ક્રિમીનલ કેસ નં.૧૦૦૬૯/૨૦૨૩ મેઇન કેસ નંબર હોય તેમજ ક્રિમીનલ કેસ નં.૫૯૩૨૩/૨૦૨૪ પુરવણી ચાર્જશીટ વાળો કેસ છે. જેથી ફરીયાદ હકીકત એક જ હોય સાક્ષીઓ પણ સમાન હોય, આંક–૦૧ લગત તા.૦૧.૦૧.૨૦૨૬ ના રોજના હુકમ મુજબ બન્ને કેસનો એક સાથે પુરાવો લેવાનો હુકમ કરેલ. જે મુજબ, ઉપરોકત હકીકતો એ તેમજ આ બંને કેસો ના ન્યાયનિર્ણય માં સાતત્યતા જળવાય રહે તે હેતુ થી સંયુકત ચુકાદા થી ફેંસલ કરવાનું ઠરાવી, આ બંને કેસો અંગે કોમન જજમેન્ટ આપવામાં આવેલ છે.

## ૨. ક્રિમીનલ કેસ નં.૧૦૦૬૯/૨૦૨૩ અને ક્રિમીનલ કેસ નં.૫૯૩૨૩/૨૦૨૪ :

૨.૧ ફરીયાદપક્ષના કેસ ની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપી દિલીપ ઉર્ફે ટકલો જીતેન્દ્રભાઇ સોનકર ને ભારતીય બનાવટનો પરપ્રાંતનો વિદેશી દારૂની બોટલો નંગ–૧૫ કિંમત રૂા.૭,૪૪૦/– નો આરોપી કમલેશ ઉર્ફે કાલુ દેવીદાસ કડબે નાએ આપેલ અને દિલીપ ઉર્ફે ટકલો જીતેન્દ્રભાઇ સોનકર નાઓ તા.૦૧.૧૦.૨૦૨૨ ના રાતના કલાક ૧૮:૩૦ વાગ્યે પોતાના કબ્જાની દુકાન જે ભગવતી ચોક ઠકકરનગર ખાતે આવેલ રાજા ચીકન દુકાન નં.૩ માં રાખી રેઇડ દરમ્યાન ભારતીય બનાવટનો પરપ્રાંતનો વિદેશી દારૂની બોટલ નંગ–૧૫ કિંમત રૂા.૭,૪૪૦/– તથા મોબાઇલ ફોન નંગ–૨ કિંમત રૂા.૧૦,૫૫૦/– મળી કુલ કિંમત રૂા.૧૭,૯૪૦/– ના મુદ્દામાલ સાથે પકડાઇ ગયેલ અને ગુનો કરેલ હોવાની ફરીયાદ ફરીયાદીએ કૃષ્ણનગર પોલીસ સ્ટેશનમાં કરતાં, પોલીસે પ્રોહી ગુના રજી. નં. ૧૧૧૯૧૦૧૩૨૨૦૮૩૭/૨૦૨૨ થી ગુનો રજીસ્ટર્ડ કરેલ અને મુદ્દામાલ સેમ્પલ પૃથ્થકરણ માટે લીધેલ અને મુદ્દામાલ પંચનામાની વિગતે કબજે લઇ તપાસ કરનાર અધિકારીએ સાહેદોના નિવેદનો લઇ તપાસના અંતે આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો મળી આવતાં હાલનું ધી પ્રોહીબીશન એકટની કલમ–૬૬(૧)(બી), ૬૫(એ)(ઇ), ૧૧૬(બી), ૮૧ ચાર્જશીટ કરેલ છે.

૨.૨ ઉપરોકત કેસ માં આરોપીઓને સમન્સ બજતા હાજર થતા, આરોપીઓને ચાર્જશીટ અને તે સાથે ના પોલીસ પેપર્સ ની નકલ આપવામાં આવેલ છે. ત્યારબાદ આરોપીઓ વિરૂધ્ધ તહોમતનામુ ફરમાવી, આરોપીઓની પ્લી નોંધતા, આરોપીઓએ તેઓ વિરૂધ્ધ ના તહોમત નો ઈન્કાર કરતા, ફરીયાદપક્ષ નો પુરાવો નોંધવામાં આવેલ છે.

૨.૩ ફરીયાદપક્ષ તરફે નીચે મુજબના મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

| મૌખિક પુરાવો | | |
|---|---|---|
| **અનુ.** | **આંક** | **સાહેદનું નામ** |

| | | |
|---|---|---|
| ૧ | ૦૭ | પંચસાહેદ મોહમદશકીલ અબ્દુલલતીફ અંસારીની જુબાની |
| ૨ | ૦૮ | ફરીયાદી તુષારદાન ભરતદાન ગઢવીની જુબાની |
| ૩ | ૧૦ | સાહેદ હિમ્મતસિંહ રણજીતસિંહ વાઘેલાની જુબાની |
| **દસ્તાવેજી પુરાવો** | | |
| **અનુ.** | **આંક** | **દસ્તાવેજનું નામ** |
| ૧ | ૦૭ | પંચનામાની નકલ |
| ૨ | ૦૯ | ફરીયાદની નકલ |

૨.૪ ત્યારબાદ રજુ પુરાવા અન્વયે, આરોપીઓ નુ વિશેષ નિવેદન નોંધવામાં આવતા, આરોપીઓએ તેઓ વિરૂઘ્ઘ ના પુરાવા ની હકીકત ખોટી હોવા નુ જણાવેલ છે અને વિશેષમાં જણાવેલ છે કે, તેઓ નિર્દોષ છે અને પુરતા પુરાવા ન હોવા છતાં ખોટુ ચાર્જશીટ કરેલ હોવાનું જણાવેલ છે.

૨.૫ ત્યારબાદ બંને કેસો અંગે ફરીયાદપક્ષે વિદ્વાન એ.પી.પી.શ્રી તેમજ બચાવપક્ષ ના વકીલશ્રી ની દલીલો સાંભળી.જે દલીલો ની કારણો માં ચર્ચા કરવામાં આવેલ છે.

૩. ઉપરોકત કેસની હકીકત, સંજોગો અને રજુ કરવામાં આવેલ પુરાવાઓને ધ્યાને લેતાં આ કેસના આખરી નિર્ણય સારૂ નીચેના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**–: મુદ્દાઓ :–**

| | |
|---|---|
| ૧. | શું ફરીયાદ પક્ષ એ હકીકત નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપી આરોપી દિલીપ ઉર્ફે ટકલો જીતેન્દ્રભાઇ સોનકરને ભારતીય બનાવટનો |

| | |
|---|---|
| | પરપ્રાંતનો વિદેશી દારૂની બોટલો નંગ–૧૫ કિંમત રૂા.૭,૪૪૦/– નો આરોપી કમલેશ ઉર્ફે કાલુ દેવીદાસ કડબે નાએ આપેલ અને દિલીપ ઉર્ફે ટકલો જીતેન્દ્રભાઈ સોનકર નાઓ તા.૦૧.૧૦.૨૦૨૨ ના રાતના કલાક ૧૮:૩૦ વાગ્યે પોતાના કબ્જાની દુકાન જે ભગવતી ચોક ઠકકરનગર ખાતે આવેલ રાજા ચીકન દુકાન નં.૩ માં રાખી રેઈડ દરમ્યાન ભારતીય બનાવટનો પરપ્રાંતનો વિદેશી દારૂની બોટલ નંગ–૧૫ કિંમત રૂા.૭,૪૪૦/– તથા મોબાઈલ ફોન નંગ–૨ કિંમત રૂા.૧૦,૫૫૦/– મળી કુલ કિંમત રૂા.૧૭,૯૪૦/– ના મુદ્દામાલ સાથે મળી આવી ગુનો કરી ધી પ્રોહી એકટની કલમ – ૬૬(૧)(બી), ૬૫(એ)(ઈ), ૧૧૬(બી), ૮૧ નો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે? |
| ૨. | શું હુકમ? |

૩.૧ રેકર્ડ પર રજુ મૌખિક અને દસ્તાવેજી પુરાવો તેમજ દલીલ લક્ષમાં લેતાં ઉપરોકત મુદ્દાઓના નિર્ણયો અને તે અંગેના કારણો નીચે મુજબ છે.

(૧) નકારમાં.
(૨) છેવટના હુકમ મુજબ.

## – :: કા ર ણો :: –

૪. ભારતીય પુરાવા અધિનીયમની કલમ–૧૦૧ અને ૧૦૨ સાથે વાંચતા ફોજદારી ન્યાય શાસ્ત્રના સ્થાપિત સિધ્ધાંતો મુજબ, આક્ષેપીત ગુનો આરોપી ધ્વારા જ કરવામાં આવેલ છે તે પુરવાર કરવાની સંપુર્ણ જવાબદારી ફરીયાદપક્ષ પર રહેલી છે, કારણ કે કાયદાના સ્થાપિત સિધ્ધાંતો મુજબ આરોપી જયાં સુધી દોષીત સાબીત ન થાય ત્યાં સુધી નિર્દોષ છે. કાયદાની આ મુળભુત સિધ્ધાંતો લક્ષમાં રાખીને, આ કેસના ન્યાય નિર્ણય હેતુ રેકર્ડ પર રજુ કરેલ પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવેલ છે.

૪.૧ આ કામે ફરીયાદપક્ષની હકીકત મુજબ, આ કામના આરોપી દિલીપ ઉર્ફે ટકલો જીતેન્દ્રભાઈ સોનકરએ તા.૦૧.૧૦.૨૦૨૨ ના રોજ રેઈડ દરમ્યાન ભારતીય બનાવટનો પરપ્રાંતનો વિદેશી દારૂની બોટલ નંગ–૧૫ રાખી વગર પાસ

પરમીટે પોતાની પાસે રાખેલ જે અંગેની ફરીયાદ આ કામના ફરીયાદી તુષારદાન ભરતદાન ગઢવી નાઓએ આપેલ તેઓની જુબાની આંક–૦૮ થી નોંધવામાં આવેલ છે. આ ઉપરાંત આ સમયે ફરીયાદી સાથે સાહેદ હિમ્મતસિંહ રણજીતસિંહ વાઘેલા નાઓ સાથે પેટ્રોલીંગમાં હતા. ફરીયાદપક્ષની હકીકત અનુસાર આરોપી રાજા ચિકન માર્ટ દુકાન નં.૩ માં ગેરકાયદેસર ઇંગ્લીશ દારૂનો જથ્થો પડેલ છે તેવી બાતમી આધારે રેડ કરી આરોપી દિલીપ ઉર્ફે ટકલો જીતેન્દ્રભાઇ સોનકરને સ્થળ પરથી અટક કરેલ. તે મુજબની હકીકત ફરીયાદી તેમજ સાહેદ તેઓની જુબાનીમાં જણાવે છે. ફરીયાદી અને પોલીસ સાહેદો તેઓની જુબાનીમાં આ તમામ કાર્યવાહી પંચો રૂબરૂ કરવામાં આવેલ અને તે અંગે આંક–૦૭ થી રજુ પંચનામું કરેલાનું જણાવે છે. કોર્ટ રૂબરૂ પંચસાહેદ મોહમદ શકીલ અબ્દુલ લતીફ અંસારીની જુબાની આંક–૦૬ થી નોંધવામાં આવેલ છે. આ સાહેદ આંક–૦૭ થી રજુ પંચનામા અને ફરીયાદ મુજબની કાર્યવાહી તેઓ રૂબરૂ કરવામાં આવેલ હોવાની ફરીયાદપક્ષની હકીકતને સમર્થન આપતા નથી. આ સાહેદને ફરીયાદપક્ષે ફરી ગયેલા જાહેર કરેલ અને ત્યારબાદની ઉલટ તપાસમાં પણ ફરીયાદપક્ષને સમર્થન આપતા નથી. આમ, ફરીયાદપક્ષની હકીકત સ્વતંત્ર સાહેદ રૂબરૂ પંચનામા મુજબની કાર્યવાહી થયેલ હોવાની હકીકતને સમર્થન મળતું નથી. આ ઉપરાંત ફરીયાદી અને સાહેદ પોલીસ સાહેદોએ તેઓની જુબાનીમાં ફરીયાદપક્ષની હકીકતને સમર્થન આપેલ છે. આ સાહેદો તેઓની ઉલટતપાસમાં ઠકકરનગર વિસ્તાર ભરચક વિસ્તાર હોવાનું જણાવેલ છે પરંતુ આ કામે આજુબાજુમાંથી હાજર હોય તેવા કોઇ સ્વતંત્ર સાહેદને ફરીયાદપક્ષે ચાર્જશીટમાં દર્શાવેલ નથી કે તેઓનો પુરાવો આ કામે રજુ રાખેલ નથી. આમ, આક્ષેપીત બનાવ સંદર્ભે પોલીસ સાહેદ સિવાય અન્ય સાહેદો ઉપલબ્ધ હોવા છતાં તેઓનો પુરાવો રજુ થયેલ નથી. આ ઉપરાંત આરોપી કમલેશ ની અટક આરોપી દીલીપના નિવેદનને આધારે કરેલ છે. આ કામે સહઆરોપીના નિવેદન સિવાય આરોપી કમલેશ વિરૂધ્ધ અન્ય કોઇ પુરાવો રજુ થયેલ નથી. આમ, ફરીયાદપક્ષ ઉપરોકત ચર્ચા કર્યા મુજબ, આરોપી દિલીપ પાસેથી વિદેશી દારૂ મળી આવેલ હોવાની હકીકત અને આ દારૂ આરોપી કમલેશે આપેલ હોવાની હકીકત, રેકર્ડ

પર રજુ મૌખિક અને દસ્તાવેજી પુરાવાથી નિ:શંકપણે સાબીત કરવામાં નિષ્ફળ ગયેલ છે. આથી, મુદ્દા નં.૧ નો નિર્ણય નકારમાં ઠરાવવામાં આવે છે અને મુદ્દા નં.ર અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**– :: હુ ક મ :: –**

(૧) આથી, ક્રિમીનલ કેસ નં.૧૦૦૬૯/૨૦૨૩ અને ક્રિમીનલ કેસ નં.૫૯૩૨૩/૨૦૨૪ ના કામના આરોપીઓને, સી.આર.પી.સી. ની કલમ–૨૪૮(૧) અન્વયે ધી પ્રોહીબીશન એકટની કલમ–૬૬(૧)(બી), ૬૫(એ)(ઇ), ૧૧૬(બી), ૮૧ મુજબના શિક્ષાપાત્ર ગુનાના તહોમતમાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) મુદ્દામાલ મોબાઈલ અંગે કરવામાં આવેલ વચગાળાનો હુકમ અપીલ સમય બાદ બિનશરતી કાયમ કરવાનો હુકમ કરવામાં આવે છે તેમજ મુદ્દામાલ દારૂનો અપીલ સમય બાદ નિયમ અનુસાર નાશ કરવો.

(૩) આરોપીઓએ અગાઉ રેકર્ડ પર રજુ કરેલ જામીન અને જાતમુચરકા સી.આર.પી.સી.ની કલમ –૪૩૭(એ) મુજબના સમયગાળા માટે ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) ક્રિમીનલ કેસ નં.૧૦૦૬૯/૨૦૨૩ અને ક્રિમીનલ કેસ નં.૫૯૩૨૩/૨૦૨૪ માં કોમન જજમેન્ટ આપેલ હોય જજમેન્ટની અસલ કોપી ક્રિમીનલ કેસ નં.૧૦૦૬૯/૨૦૨૩ માં રાખવી અને તેની એક નકલ ક્રિમીનલ કેસ નં.૫૯૩૨૩/૨૦૨૪ ના કામમાં મુકવી.

હુકમ આજરોજ તા.૩૦ મી માહે જુન સને–૨૦૨૬ ના રોજ ખુલી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**[ દર્શકકુમાર દિનેશચંદ્ર શાહ ]**
અમદાવાદ. ૫ મા એડી. ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
અમદાવાદ સીટી(કોર્ટ નં.૧)
Code-Gj00956